# સિગ્નેચર બ્રિજની કામગીરી સત્વરે પૂર્ણ કરાશે

**ભૂપેન્દ્ર પટેલ અને ગૃહ રાજ્યમંત્રીએ બેટ દ્વારકામાં ડીમોલેશન સાઈટનું નિરીક્ષણ કર્યું : દ્વારકાની રૂબરૂ મુલાકાત લઇ તંત્ર દ્વારા થયેલી ગેરકાયદે દબાણ દૂર કરવા અંગેની કામગીરીનું નિરીક્ષણ કર્યું હતુ**





દ્વારકા, તા.૨૮

મુખ્યમંત્રી અને ગૃહ રાજ્યમંત્રીએ ગુજરાતના ૧૬૦૦ કિલોમીટરના દરિયા કાંઠા પર સુરક્ષાની દ્રષ્ટિએ મહત્વના આ પોઈન્ટ અને તે વિસ્તારોમાં પોલીસ-રેવન્યુ ખાતાની કાર્યવાહીની સમીક્ષા પણ કરી હતી.

ઓખાથી બેટ દ્વારકા સુધીની દરિયાઈ સફર દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ડ્રિમ પ્રોજેકટ સમા નિર્માણાધીન સિગ્નેચર બ્રિજના કામનું પણ નિરીક્ષણ તેમણે કર્યું હતું. સિગ્નેચર બ્રિજની કામગીરી સત્વરે પૂર્ણ કરાશે તેમ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રીએ કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં સ્થાપેલા સુરક્ષા, શાંતિ, સલામતીના મજબૂત પાયાને વધુ સુદ્રઢ રાખવા રાજ્ય સરકાર મક્કમ છે. વિકાસ કામોને આડે આવતી ગેરકાયદે દબાણ સહિતની ગેરકાયદે પ્રવૃતિઓ આગળ વધતી અટકાવાશે અને કાયદાકીય રીતે સખ્તાઈથી દૂર કરવામાં આવશે. લોકોની સલામતી અને સુરક્ષા માટે સરકાર કટિબદ્ધ છે અને આવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓને ડામવા ઝુંબેશ ચાલુ જ રહેશે તેમ જણાવ્યું હતું. સરકારી યોજનાઓના લાભ વિના અવરોધે છેવાડાના માનવી સુધી સરળતાથી પહોંચે તે હેતુથી સરકાર દ્વારા આ પ્રકારની કામગીરી હાથ ધરાઈ રહી છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીએ વધુમાં સ્પષ્ટ કહ્યું હતું કે, ગુજરાતના ૧૬૦૦ કી.મી. લાંબા દરિયાઈ પટ્ટા પર કોઈપણ પ્રકારની ગેરકાયદે પ્રવૃત્તિ ચલાવી લેવાશે નહીં. આ તમામ દરિયા કિનારાને સજ્જડ સુરક્ષિત કરવાનો નિર્ધાર છે. આ મુલાકાત વેળાએ ગૃહરાજયમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં સમુદ્ર તટીય વિસ્તારોની આંતરિક અને બાહ્ય સલામતી અને સુરક્ષા માટે આ કડક પગલાં લેવાઈ રહ્યા છે. ગેરકાયદેસર દબાણો પર લોકહિતમાં કાર્યવાહી કરવામાં આવી છે અને કડક પગલાં લેવામાં આવ્યા છે. દરિયાઈ પટ્ટી પર કોઈપણ પ્રકારની ગેરકાયદેસર પ્રવૃત્તિ ચલાવી લેવાશે નહીં.

# રાજ્યમાં કોરોના ૩૧૬ નવા કેસ

**કોરોના વાયરસના એક્ટિવ કેસ ૧૯૦૦ને પાર : અમદાવાદમાં સૌથી વધુ ૧૦૯ કેસ નોંધાયા છે. ૧૮૯ જ્યારે દર્દીઓને રજા**

અમદાવાદ, તા.૨૮

૨૮મી માર્ચે ગુજરાતમાં કોરોના વાયરસના ૩૧૬ નવા કેસ નોંધાયા છે. જેમાં અમદાવાદમાં સૌથી વધુ ૧૦૯ કેસ નોંધાયા છે. ૧૮૯ જયારે દર્દીઓને રજા આપવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, આજે એકપણ દર્દીનું મોત થયું નથી. છેલ્લા ૭ દિવસમાં ૬ દર્દીના કોરોનાને કારણે મોત નીપજ્યાં છે. કોરોનાના વધતા કેસને ધ્યાને રાખી ગુજરાતીઓએ ફરીથી સાવધાન રહેવાની જરૂર છે અને જો કોઈપણ લક્ષણ દેખાય તો તાત્કાલિક તેની સારવાર કરાવવી જોઈએ.

આમ, સમગ્ર ગુજરાતમાં કોરોના વાયરસના ૩૧૬ કુલ કેસ નોંધાયા છે. તો બીજી તરફ, ૧૮૯ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. હાલ ગુજરાતમાં કોરોના વાયરસના કુલ ૧૯૭૬ એક્ટિવ કેસ છે. આ ઉપરાંત ૧૦ જેટલા દર્દીને વેન્ટિલેટર પર રાખવામાં આવ્યા છે. જયારે ૧૯૬૬ દર્દીની તબિયત સ્થિર છે. ઉલ્લેખનીય છે કે, કોરોના વાયરસથી અત્યાર સુધીમાં કુલ ૧૧૦૫૩ દર્દીના મોત નીપજ્યા છે. તો ૧૨ લાખથી વધુ દર્દી સાજા થઈને ઘરે પરત ફર્યા છે.

ઉલ્લેખનીય છે કે, ગત ૧૧મી માર્ચે પણ કોરોના વાયરસના ૫૧ કેસ નોંધાયા હતા. ૧૪મી માર્ચે ૫૮ કેસ નોંધાયા હતા. ત્યારબાદ ૧૫મી માર્ચે ૯૧ કેસ નોંધાયા હતા. ૧૬મી માર્ચે ૧૧૯ કેસ અને ૧૭મી માર્ચે ૧૨૧ કેસ નોંધાયા હતા. ત્યારબાદ ૧૮મી માર્ચે ૧૭૯ કેસ તો ૧૯મી માર્ચે ૧૩૩ કેસ નોંધાયા હતા. ૨૦મી માર્ચે ૧૧૮ નવા કેસ નોંધાયા હતા અને ૨૧મી માર્ચે ૧૭૬ કેસ નોંધાયા હતા. ઉલ્લેખનીય છે કે, ૨૨મી માર્ચે કોરોનાના કેસે બેવડી સદી ફટકારી હતી અને ગુજરાતમાં ૨૪૭ કેસ નોંધાયા હતા.

# અમદાવાદ-ગાંધીનગર અને સૌરાષ્ટ્ર સહિત ગુજરાતભરમાં વરસાદની આગાહી

અમદાવાદ, તા.૨૮

રાજ્યમાં ઉનાળાનાં પ્રારંભની સાથે સાથે કમોસમી વરસાદની પણ સીઝન જામી છે. ત્યારે રાજ્યમાં આવતીકાલથી વરસાદી માહોલ રહેશે. તેમજ તા. ૨૯ થી ૩૧ માર્ચ દરમ્યાન વરસાદી માહોલ છવાયેલો રહેશે. આગામી ૨૪ કલાક વરસાદની શક્યતા નથી. પરંતુ આવતીકાલે બપોર બાદ વરસાદી વાતાવરણ છવાયેલું રહેશે. ત્યારે અમદાવાદ, ગાંધીનગર, અરવલ્લી અને બનાસકાંઠામાં વરસાદ રહેશે. તેમજ કચ્છ, પોરબંદર, જૂનાગઢ અને અમરેલીમાં વરસાદ પડશે.

ત્યારે ગુજરાતમાં ૨૯, ૩૦ અને ૩૧ તારીખનાં રોજ સૌરાષ્ટ્ર, કચ્છ સહિતનાં વિસ્તારોમાં વરસાદ પડવાની સંભાવનાં છે. તેમજ ૩૧ નાં રોજ અમદાવાદ, ગાંધીનગર, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ, સૌરાષ્ટ્રમાં વરસાદ થઈ શકે છે. સમગ્ર ગુજરાતમાં આગામી ૨૪ કલાકમાં તાપમાનમાં પણ કોઈ ફેરફાર થવાની સંભાવનાં નથી.

# પ્રાકૃતિક અને ઓર્ગેનિક ખેતી વચ્ચેના ભેદને સમજવાની જરૂર છે : આચાર્ય દેવવ્રતજી

ગાંધીનગર, તા.૨૮

પ્રાકૃતિક ખેતી એટલે જૈવિક ખેતી નહીં. નેચરલ ફાર્મિંગ એટલે ઑર્ગેનિક ફાર્મિંગ નહીં. કૃષિ વૈજ્ઞાનિકોએ પણ પ્રાકૃતિક કૃષિ અને ઑર્ગેનિક ખેતી વચ્ચેના મોટા ભેદને સમજવાની અને ખેડૂતોને સમજાવવાની જરૂર છે, એમ રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું. તેમણે કહ્યું કે, ઑર્ગેનિક ખેતી એટલે કે જૈવિક ખેતી ઘણી ખર્ચાળ છે. તેમાં મહેનત ઘણી થાય છે અને ઉત્પાદનમાં પણ વૃદ્ધિ થતી નથી. જ્યારે પ્રાકૃતિક ખેતી એટલે કે નેચરલ ફાર્મિંગ દેશી ગાય આધારિત ખેતી છે. જેમાં ઉત્પાદન ખર્ચ શૂન્ય છે, મહેનત પણ ઓછી છે, ઉત્પાદનની ગુણવત્તા અને પ્રમાણ બંને વધે છે. એટલું જ નહીં જમીનની ફળદ્રુપતા પાછી આવે છે. વર્તમાન પરિસ્થિતિમાં પ્રાકૃતિક કૃષિનો કોઈ વિકલ્પ નથી. વધુને વધુ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ અપનાવે એ સમયની માંગ છે.

રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, જંગલોમાં વૃક્ષોને કોણ યુરિયા, ડીએપી કે કીટનાશક દવાઓ છાંટે છે? છતાં વનમાં પણ મોસમ આવે ત્યારે ફળ-ફૂલ સરસ રીતે ખીલે જ છે. જંગલના વૃક્ષોના પર્ણોને લેબોરેટરીમાં લઈ જઈને જોઈએ તો તે સ્વસ્થ-નિરોગી જ હોય છે. પ્રકૃતિ જંગલમાં જે પ્રક્રિયા કરે છે એ જ પ્રક્રિયા આપણા ખેતરમાં કરે એનું જ નામ પ્રાકૃતિક ખેતી. દેશી ગાયના ગોબર- ગૌમૂત્રમાંથી બનેલા જીવામૃત, ઘન જીવામૃતથી સૂક્ષ્મ જીવાણુઓ વિકસે છે જે જમીનને ફળદ્રુપ અને ઉપજાઉ બનાવે છે.

## દૂધસાગર ડેરીના ઘીના સેમ્પલ ફેઈલ જતા ૩૬.૭૫ લાખનો દંડ

**૨૫ અધિકારીઓની ટીમે દરોડા પાડી ૧૪૬ સેમ્પલ લીધા હતા જેમાં ૧૪૬ સેમ્પલમાંથી ૧૪૫ સેમ્પલ ફેઇલ**

મહેસાણા, તા.૨૮

ગુજરાતના મહેસાણામાં આવેલી દૂધસાગર ડેરીના ઘીના સેમ્પલ ફેઈલ જતાં ૩૬.૭૫ લાખનો દંડ ફટકારાયો છે.જેમાં ડેરીના પૂર્વ સ્હ નિશીથ બક્ષીને રૂ.૩૬.૭૫ લાખ દંડ ફટકારાયો છે. તેમજ ૩૦ દિવસમાં દંડની રકમ જમા કરાવવા આદેશ કરાયો છે. જેમાં ઘટનાની વિગત મુજબ તેમજ ૨૫ અધિકારીઓની ટીમે દરોડા પાડી ૧૪૬ સેમ્પલ લીધા હતા. જેમાં ૧૪૬ સેમ્પલમાંથી ૧૪૫ સેમ્પલ ફેઈલ નીકળ્યા હતા. અમૂલ અને સાગરની જુદી જુદી બેચના ઘીના સેમ્પલ લેવાયા હતા

# સાળંગપુર હનુમાનજીને ભક્તો સ્વહસ્તે લખેલી હનુમાન ચાલીસા અર્પણ કરી શકશે

**શરૂ કરાયું મારા દાદાને મારી ચાલીસા અભિયાન : હનુમાન જયંતિના પવિત્ર દિવસે એ તમામ ચાલીસા પત્રો દાદાના ચરણે ભક્તિ ભાવપૂર્વક સમર્પિત કરી પ્રાર્થના કરવામાં આવશે**

અમદાવાદ, તા.૨૮

હનુમાન જયંતિ ૬ એપ્રિલ ૨૦૨૩, ગુરુવારે છે. ચૈત્ર મહિનાની પૂર્ણિમાએ આ તિથિ ઉજવવામાં આવે છે. હનુમાનને ભગવાન શિવનો ૧૧મો રુદ્ર અવતાર કહેવામાં આવે છે અને તેઓ ભગવાન શ્રી રામના પ્રખર ભક્ત છે. આ દિવસે હનુમાનજીએ વાનર જાતિમાં જન્મ લીધો હતો. હનુમાનજી એવા દેવતા છે જેમને ત્રેતાયુગથી અત્યાર સુધીના સૌથી ઝડપી દેવતા માનવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે જ્યાં પણ રામ કથા થાય છે ત્યાં હનુમાનજી કોઈને કોઈ સ્વરૂપમાં હાજર હોય છે. હનુમાન જયંતિ પર હનુમાનજીની જન્મ કથા સાંભળવાથી બજરંગબલીના આશીર્વાદ વરસે છે. હનુમાન



જયંતિને લઈ સાળંગપુર હનુમાનજી મંદિર દ્વારા "મારા દાદાને મારી ચાલીસા "અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. હનુમાન જયંતિ પર્વ નિમિત્તે-સ્વહસ્તે લિખિત શ્રી હનુમાન ચાલીસાનું સામુહિક અભિયાન શરૂ કરાયું છે. દાદાના ભક્તો સ્વહસ્તે લિખિત શ્રી હનુમાન ચાલીસા પ્રાર્થના સ્વરૂપે દાદાના દરબારમાં મોકલી શકાશે. હનુમાન જયંતિના પવિત્ર દિવસે એ તમામ ચાલીસા પત્રો દાદાના ચરણે ભક્તિ ભાવપૂર્વક સમર્પિત કરી પ્રાર્થના કરવામાં આવશે. મંદિર ના કોઠારી સ્વામી તેમજ શાસ્ત્રી સ્વામીના માર્ગદર્શન હેઠળ કરાયું મારા દાદા ને મારી ચાલીસાનું અભિયાન. હનુમાનજીને કેસરીનંદન અને અંજનાયના પુત્ર કહેવામાં આવે છે, જ્યારે અન્ય માન્યતા અનુસાર, હનુમાનજીના જન્મ પાછળ પવનદેવનું પણ યોગદાન હતું, તેથી તેમને પવનપુત્ર પણ કહેવામાં આવે છે.

# બંગલો પચાવવાના કેસમાં કિરણની પત્ની માલિની પટેલની ધરપકડ

અમદાવાદ, તા.૨૮

મહાઠગ કિરણ પટેલના પત્ની માલિની પટેલની ક્રાઈમ બ્રાન્ચની ટીમે ધરપકડ કરી છે. છેતરપિંડી મામલે માલિની પટેલ સામે કાર્યવાહી કરવામાં આવી છે. ગુજરાત સરકારના પૂર્વ મંત્રીના ભાઈની ફરિયાદના આધારે કિરણ પટેલના પત્નીની ધરપકડ કરવામાં આવી છે. મહાઠગ કિરણ પટેલની પત્ની માલિની પટેલની અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરી છે.સિંધુભવન રોડ પરના જગદીશપુરમ બંગલો પચાવી પાડવાના કેસમાં તેની ધરપકડ કરવામાં આવી છે. માલિની પટેલની ક્રાઈમ બ્રાન્ચની ટીમે નડિયાદથી ધરપકડ કરી છે. આ મામલે થોડા દિવસ અગાઉ ક્રાઈમ બ્રાન્ચે ગુનો દાખલ કર્યો હતો.



ગુજરાતના રહેવાસી કિરણ પટેલ પોતે પીએમનો એક મોટો અધિકારી હોવાનુ જણાવતો હતો અને જમ્મુ- કાશ્મીરમાં સરકારી અધિકારીઓને છેતર્યાની ઘટના સામે આવી હતી. આ મહાઠગના કેટલાય કારનામાં બહાર આવી રહ્યા છે. આ મહાઠગે પોતે બહુ ઉચ્ચ હોદ્દા પર હોવાનું કહીને છેતરપિંડી કરી હતી. કિરણ પટેલની સાથે તેમની પત્ની માલિની પટેલની સાથે મળીને ગુજરાતના પૂર્વ મંત્રીના ભાઈના સિંધુભવન રોડ પર સ્થિત નીલકંઠ ગ્રીન સોસાયટીના બંગલો પચાવી પાડવાનો કારસો રચ્યો હતો. આ બંગલાના રિનોવેશનનું કામ ૩૫ લાખમાં કરવા માટે હાથમાં લીધુ હતુ અને ત્યારબાદ આ બંગલાની નેમ પ્લેટ બદલાવી નાખી હતી અને આ બંગલો પોતાની માલિકીનો બંગલો હોય તેવું બતાવી વાસ્તુ પૂજન પણ કર્યુ હતું અને તેના ફોટા પણ પાડ્યા હતા. આ ફોટા સાથે કિરણ પટેલે સિવિલ કોર્ટમાં પોતે માલિક હોવાનો ખોટો કેસ પણ દાખલ કર્યો હતો.

# અમદાવાદ કાંકરિયા પ્રાણી સંગ્રહાલયમાં ઔરંગાબાદથી બે વાઘણ લાવવામાં આવી

અમદાવાદ, તા.૨૮

અમદાવાદ શહેરના આબાલવૃદ્ધો માટે કાંકરિયા પ્રાણી સંગ્રહાલય આકર્ષણનું કેન્દ્ર છે. દેશનાં પ્રતિષ્ઠિત પ્રાણી સંગ્રહાલયોમાં આપણા શહેરના પ્રાણી સંગ્રહાલયનો સમાવેશ થાય છે. આ પ્રાણી સંગ્રહાલયમાં ૨૦૦૦થી વધુ પશુ-પંખી અને સરિસૃપ લોકોને મંત્રમુગ્ધ કરી રહ્યાં છે. હવે કાંકરિયા પ્રાણી સંગ્રહાલયના આકર્ષણમાં વૃદ્ધિ કરવા માટે મ્યુનિ. તંત્ર દ્વારા છેક મહારાષ્ટ્રના ઔરંગાબાદથી બે વાઘણને લાવવામાં આવી છે. પહેલી નજરમાં જ આકર્ષક અને તંદુરસ્ત લાગતી એવી આ બંને વાઘણને આજથી અમદાવાદીઓ પ્રાણી સંગ્રહાલયમાં નિહાળી શકશે.



કાંકરિયા લેકફ્રન્ટમાં આવેલું પ્રાણી સંગ્રહાલય અને બાળવાટિકા વર્ષોથી અમદાવાદની ઓળખ બન્યા છે. શહેરની મુલાકાતે આવનારાઓ સમય કાઢીને પણ પ્રાણી સંગ્રહાલયની લટાર મારતા આવ્યા છે. આ પ્રાણી સંગ્રહાલયમાં વાઘ, સિંહ, દીપડા જેવાં હિંસક પ્રાણીઓ છે, તો હાથી, હરણ, વાનર અને રંગબેરંગી કબૂતર, પોપટ પણ છે. મજબૂતમાં મજબૂત વ્યક્તિમાં ડર પેદા કરનારા કિંગ કોબ્રા જેવા અતિ ઝેરી સાપ પણ પ્રાણી સંગ્રહાલયમાં લોકો નિહાળી શકે છે.

આ વાઘ-વાઘણ આવનારા ઉનાળુ વેકેશનમાં બાળકોનું મન મોહી લેશે તેમ કાંકરિયા પ્રાણી સંગ્રહાલયના સુપરિટેન્ડન્ટ ડો. આર. કે. સાહુ જણાવે છે. તેઓ વધુમાં જણાવે છે, ઔરંગાબાદથી લવાયેલી બે વાઘણ પૈકી એકનું નામ 'રંજના' અને બીજીનું નામ 'પ્રતિમા' છે. આ બંને વાઘણની ઉંમર સવા બે વર્ષની છે. સામાન્ય રીતે વાઘ-વાઘણનું આયુષ્ય પંદર વર્ષનું હોય છે. તંત્ર દ્વારા સફેદ વાઘણનું હજુ નામ પડાયું નથી, કેમ કે સત્તાવાળાઓ સફેદ વાઘણને કોઈ વ્યક્તિ કે સંસ્થા દત્તક લે તેની પ્રતીક્ષા છે. પ્રાણી સંગ્રહાલયમાં વાઘને એક વર્ષ માટે દત્તક લઈ ફ્રેન્ડ્સ ઓફ ઝૂ બનવાનો ખર્ચ રૂ. ૧,૨૬,૨૬૦ અને વાઘણનો રૂ. ૧,૦૧,૨૬૦ છે.

## બજેટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરોડની પુરાંત દર્શાવવામાં આવી છે. મુખ્ય આવકના સંબંધમાં જણાવ્યું કે મુડી આવક પેટા રૂપિયા ૧૯૮.૦૪ કરોડ, મિલકત વેચાણ પેટે રૂપિયા ૩૦૧.૧૫ કરોડ, અનુદાન, લોન, ડિપોઝીટ પેટે રૂપિયા ૮૫.૨૦ કરોડ અને મહેસુલી આવક રૂપિયા ૨૯.૧૨ કરોડ સુધી થાય તેવો અંદાજ રાખવામાં આવ્યો છે . જ્યારે મહત્વના ખર્ચના મુદ્દે જણાવ્યું કે મુડી ખર્ચ પેટે રૂપિયા ૫૯૫.૦૯ કરોડ, મહેસુલી ખર્ચ પેટે રૂપિયા ૮.૫૬ કરોડ અંદાજવામાં આવ્યો છે આર્થિક રીતે નબળા પરિવારજનોને અનુલક્ષી આવાસો નું નિર્માણ કરાશે જયારે આવાસ યોજનાઓ પાછળ ૨૦૯ કરોડ અને ૨૬ ગામોમાં વિકાસ કામો પાછળ ૧૫૦ કરોડના ખર્ચ ઉપરાંત રસ્તાના નિર્માણ પાછળ રૂપિયા ૬૫ કરોડ, ભૂર્ગભ અને વરસાદી પાણીના નિકાલની ગટર પાછળ ૫૮ કરોડ, પીવાના પાણી માટે ૧૮ કરોડ, આંતર માળખાકીય સુવિધાના કામો માટે ૨૩ કરોડ તથા સ્ટ્રીટ લાઈટના કામો પાછળ રૂપિયા ૪ કરોડના ખર્ચનો સમાવેશ થાય છે. આ માળખાગત સુવિધાના વિવિધ કામો ગાંધીનગર શહેરી વિકાસ સતામંડળ હેઠળના જુદા જુદા વિસ્તારમાં કરવામાં આવશે જયારે ન્યુ ગાંધીનગરની સાપેક્ષમાં વિકાસ કામોથી વંચિત વિસ્તારો અડાલજ, ઉવારસદ, વાસણા હડમતિયા, પાલજ, ચિલોડા સહિતના ૨૬ ગામો તરફ પણ વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવશે

## આવકનો અંદાજ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્લોટના વેચાણના આધારે થશે આ ઉપરાંત ગુડા વિસ્તારમા નવા કામો હાથ ધરવામાં આવશે જેમાં અડાલજ સ્થિત પમ્પીંગ સ્ટેશન પર સોલાર પ્લાન્ટ લગાવાશે જેમાં વિજબીલ ઘટાડવા માટે અંદાજિત રૂ ૩ કરોડનો ખર્ચ થશે. અડાલજ , વાસણા હડમતિયા ઉવારસદ , ચિલોડા તેમજ પાલજ સહીત ગુડા વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાં સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ અલબત્ત પ્રત્યેક ઘરેથી કચરો એકત્રિત કરવાની વ્યવસ્થા પાછળ પણ રૂ ૨ કરોડના ખર્ચનુ આયોજન કરાયુ છે. જયારે વર્ષ ૨૦૩૨ સુધી ભારતમાં ઓલ્મપ્કિ ગેમ્સનુ આયોજન થઈ શકે તેવા અભિગમ સાથે સરગાસણમાં સ્પોર્ટસ કોમ્પલેક્ષ અને પ્લોટ પ્લે ગ્રાઉન્ડને અનુલક્ષીને પણ રૂ ૪૦ કરોડનો ખર્ચ કરાશે જયારે વાવોલ સહીતના વિસ્તારને અનુલક્ષી ઈકોનોકમિક પુવર સેકશનમાં સમાવિષ્ટ પરિવારજનો માટે ૨૬૬૫ નવા ફલેટ ટાઈપ આવાસો માટે ૧૫૦ કરોડ તેમજ હાલ પ્રગતિ હેઠળના કામોને અનુલક્ષી રૂ ૫૦ કરોડ થી વધુ ખર્ચની જોગવાઈ પણ કરવામાં આવી છે. આ ઉપરાંત નવા સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ સ્ટોર્મ વોટર ડ્રેનેજ લાઈનના કામોને અનુલક્ષી રૂ ૧૫૦ કરોડ તેમજ સ્ટાફ કવાટર્સ માટે રૂ ૨૭ કરોડ તેમજ ગ્રીન કન્સેપ્ટને વેગ આપવા નવા ઉદ્યાનોના નિર્માણ માટે રૂ ૮ કરોડ જયારે અનામતના પ્લોટસમાં દબાણ સહીતની સમસ્યાને ડામવા કમ્પાઉન્ડ વોલ તૈયાર કરવા રૂ ૪ કરોડના ખર્ચનો અંદાજ લગાવાયો છે. ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળના બજેટમાં રૂ ૬૧૩ કરોડની આવક સામે રૂ ૬૦૩ કરોડનો ખર્ચ દર્શાવાયો છે. જો કે આવકની રકમ હજુ આધારિત તબક્કામાં છે. અલબત્ત પ્લોટના વેચાણ પર આવક આધારિત છે. જેના લીધે આવકની અસર ખર્ચ પર જોવા મળશે. આગામી એક વર્ષમાં પ્લોટસનુ વેચાણ યોગ્ય કીંમતે ન થાય તો કે પુરતી આવક ન મળે તો વિકાસ કામો પર વિપરિત અસર વર્તાશે તે વાત પણ સ્પષ્ટ થઈ રહી છે.

## પાંચ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વધતી જતી સંખ્યાએ તંત્રની ચિંતા વધારી છે.

શહેરમાં આજે નોંધાયેલ પાંચેય દર્દીઓ કોઈપણ પ્રકારની ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવતા નથી. તેઓ કેવી રીતે સંક્રમિત થયા તેને લઈ તંત્રએ તપાસ હાથ ધરી છે. આજે નોંધાયેલ તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. તમામ દર્દીઓની તબિયત સ્થિર હોવાનુ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે આજે સે. ૩, ૪, ૫, ૮ અને ૯ માંથી કેસો મળી આવ્યા છે.

સે. ૩ માં ૨૨ વર્ષીય મહિલા અને સે. ૯ માં ૨૫ વર્ષીય મહિલાનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સે. ૪ માંથી ૨૫ વર્ષીય યુવાન, સે. ૮ માંથી ૨૯ વર્ષીય યુવાન અને સે. ૫ માંથી ૩૪ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તેમજ સઘન સર્વેલન્સ અને ટેસ્ટીંગના પ્રમાણમાં વધારો કરવા સાથે પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા સૂચનાઓ જારી કરી છે.

## મોટુ ગાબડું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સીફટીંગનુ કામ પણ હાથ ધરવામાં આવ્યુ હતુ જેના લીધે હાલની સ્થિતિએ પાણીની લાઈન જાણે આખી હવામાં લટકી પડી છે. જેથી આવા સંજોગોમાં પાણીની લાઈનમાં ગમે ત્યારે લીકેજીસ થવાની સમસ્યા ઉદભવે તેવી સ્થિતિ છે. જેને અનુલક્ષી માર્ગ મકાન વિભાગના અધિકારીઓએ પણ સ્થળ પર મુલાકાત લઈ સ્થિતિનુ નિરિક્ષણ કર્યુ હતુ. જયારે પરિસ્થિતિ જોતા મેટ્રો તંત્રને સ્થળ પર અસ્તિત્વ ધરાવતા ગાબડાને પુરવા માટે પણ જણાંવાયુ છે. જો કે હાલ મેટ્રો રૂટના લીધે આ વિસ્તારમાં વાહનોની અવરજવર બંધ છે. પરંતુ ગમે ત્યારે પણ આ સ્થિતિ વચ્ચે અકસ્માત ન થાય તે માટે તકેદારીના ભાગરૂપે ત્વરિત અસરથી ભયજનક સ્થિતિ નિવારવા માટે સુચના આપવામાં આવી છે. શહેરમાં પાણીની નવી લાઈન નાંખવાની કામગીરી દરમિયાન પણ સેકટરોમાં અનેક ઠેકાણે આડેધડ ખોદકામના લીધે રહીશોને પણ હાલાકી વેઠવી પડે છે. આ મામલે અનેકવાર પાણી પુરવઠા બોર્ડને રજુઆત કરવામાં આવી છે આમછતા કોઈ પગલા લેવાતા નથી. અલબત્ત સ્થળ પરથી પસાર થતી અન્ય યુટીલીટીઝ લાઈનનો પણ ખ્યાલ રાખવામાં આવતો ન હોવાનો રોષ પણ સ્થાનિકો ઠાલવી રહ્યા છે. સેકટરોમાં પણ આંતરિક માર્ગો પર વરસાદી પાણીના નિકાલની લાઈનના ટુકડા જોડવા માટે બુલડોઝર વડે માર્ગો ખુંદી નાંખવામાં આવ્યા છે. જયારે આજે પણ આ માર્ગો ધુળિયા અને ઉબડ ખાબડ જોવા મળે છે. ખોદકામ બાદ અનેક ઠેકાણે યોગ્ય પુરાણ ન થતા સ્થાનિકો માટે જોખમી સ્થિતિ સર્જાય છે. હાલ વરસાદી દિવસોમાં પણ અનેક ઠેકાણે માટી પોલાણ થતા ગાબડા અસ્તિત્વમાં આવ્યા હતા જયારે સેકટરોના આંતરિક વિસ્તારમાં પણ ગંદકી પ્રવર્તી હતી. શહેરના સેકટરોના આંતરિક વિસ્તારમાં લાઈનનુ ખોદકામ હાથ ધરવામાં આવી રહ્યુ છે. જયારે મુખ્ય ચ માર્ગ પર મેટ્રો પ્રોજેકટને અનુલક્ષી લાંબા સમયથી કામ હાથ ધરવામાં આવ્યુ હોવાના લીધે ડાયવર્ઝન આપવામાં આવ્યુ છે. આવા સંજોગોમાં આમ નાગરિકો અને રૂટમાંથી પસાર થતા વાહનચાલકોની પણ સલામતી જળવાય તે માટે વિશેષ તકેદારી રાખવામાં આવે તેવી પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

## પાન-આધાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

પછી પાન કાર્ડ નિષ્ક્રિય થઈ જશે અને પાનને ફરીથી એક્ટિવ કરાવવા માટે દંડ ભરવો પડશે. પાન કાર્ડ- આધારને લિંક કરવા માટેની છેલ્લી તારીખ ૩૧ માર્ચ હતી. પરંતુ હજુ કરોડો લોકોના કાર્ડ લિંક થયા નથી. નાણામંત્રાલયે એક સંદેશમાં જણાવ્યું છે કે પહેલી જુલાઈ, ૨૦૨૩થી જે લોકોએ આધાર અને પાન નંબરને લિંક કરાવ્યા નહીં હોય તેમના પાન કાર્ડ બંધ થઈ જશે. તેઓ કોઈ જગ્યાએ પાન કાર્ડનો ઉપયોગ નહીં કરી શકે. આ બદલ તેમને કોઈ રિફંડ આપવામાં નહીં આવે અને તેમણે આવકવેરાની કલમો મુજબ સૌથી ઉંચા સ્લેબમાં ટીડીએસ અને ટીસીએસ ભરવો પડશે. ત્યાર પછી ૩૦ દિવસની અંદર આધાર અને પાન કાર્ડને લિંક કરાવીને ફરીથી પાન કાર્ડને સક્રિય કરી શકાશે.

## મોંઘી થશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

કરી રહ્યો હતો. એક રિપોર્ટ અનુસાર દવાઓની કિંમતોમાં ૧૨ ટકાથી વધુનો વધારો થઈ શકે છે. આ સતત બીજું વર્ષ છે જ્યારે દવાઓના ભાવમાં વધારો થશે. શેડ્યૂલ દવાઓના ભાવમાં લગભગ ૧૦ ટકાનો વધારો થઈ શકે છે. શેડ્યુલ દવાઓ તે દવાઓ છે જેની કિંમતો નિયંત્રિત છે. નિયમો અનુસાર, સરકારની પરવાનગી વિના સૂચિત દવાઓના ભાવમાં વધારો કરી શકાતો નથી. નોંધનીય છે કે ડબ્લ્યુપીઆઈમાં વાર્ષિક ફેરફારને કારણે કિંમતોમાં વધારો સાધારણ રહ્યો છે, જે વર્ષોથી ૧% અને ૨% ની વચ્ચે છે. સૂત્રોએ જણાવ્યું હતું કે NPPA આગામી થોડા દિવસોમાં નિર્ધારિત ફોર્મ્યુલેશનની ટોચમર્યાદા કિંમતોને સૂચિત કરશે.